
વસ્તી ગણતરીની કવાયત અને કથાઓ



ઈન સાઈડ આઉટ સાઈડ

કિરણ કાપૂરે

આ ખરે નિયત સમય કરતાં 16 વર્ષ મોડાં દેશમાં વસ્તી ગણતરીની શરૂઆત થઈ છે. 1871થી શરૂ થયેલી વસ્તી ગણતરી એક દાયકાના અંતરે નિયમિત રીતે થતી રહી. અંગ્રેજોનું શાસન હતું ત્યારે પણ અને તે પછી પણ. પરંતુ છેલ્લી વસ્તી ગણતરી 2021માં થવી જોઈતી હતી, તે ન થઈ અને હવે નિયત સમય કરતાં પાંચ વર્ષ મોડાં તે થઈ રહી છે. વસ્તી ગણતરી મોડી થાય તો તેનાથી દેશમાં નીતિગત બાબતો નિર્ધારિત કરવાથી માંડીને સામાજિક કલ્યાણ યોજનાઓ કેવી રીતે અમલી બનાવવી તેનું ચિત્ર સ્પષ્ટ થતું નથી. આ સિવાયના પણ અનેક પ્રશ્નો છે, જેના વિશે વસ્તીના આંકડા સરકારને વ્યાપક રીતે નિર્ણય લેવામાં વધુ સ્પષ્ટતા કરી આપે છે. આપણા દેશમાં વસ્તી ગણતરીની કવાયત કરવી તે ખૂબ મોટી પ્રક્રિયા છે અને તેમાં લાખો લોકો સંકળાય છે. પછી જ્યારે તેનું પરિણામ આવે છે ત્યારે સરકાર નાગરિકો માટે જે નિર્ણય લે છે તેમાં પરિણામ વધુ સારું આવવાની શક્યતા બને છે. આવું તો કેટકેટલું છે, જે વસ્તી ગણતરી વિશે કહી શકાય અને તે અંગે જ્યારે કોઈ વસ્તી ગણતરીની પ્રક્રિયા સાથે સંકળાયેલી વ્યક્તિ લખે ત્યારે તો તેમાં વધુ રસપ્રદ અને અજાણી વિગતો આવવાની છે જ. આવું પુસ્તક હાલમાં પ્રકાશિત થયું છે અને તેના લેખક સી. ચંદ્રમૌલી છે. તેઓ સેન્સસ કમિશનર ઑફ ઈન્ડિયા અને તે જ વિભાગના રજિસ્ટ્રાર જનરલ રહી ચૂક્યા છે. પુસ્તકનું નામ છે : 'કાઉન્ટિંગ અ નેશન : ધ સ્ટોરી ઑફ ઈન્ડિયન સેન્સસ'.

આવું તો કેટકેટલું છે, જે વસ્તી ગણતરી વિશે કહી શકાય અને તે અંગે જ્યારે કોઈ વસ્તી ગણતરીની પ્રક્રિયા સાથે સંકળાયેલી વ્યક્તિ લખે ત્યારે તો તેમાં વધુ રસપ્રદ અને અજાણી વિગતો આવવાની છે જ

વસ્તી ગણતરીનો દેશમાં પ્રારંભ અંગ્રેજોએ કર્યો હતો. આટલા વિશાળ દેશની વસ્તી ગણવાની અંગ્રેજોને કેમ ફરજ પડી અને તેઓ આ પૂરી કવાયત કરવા કેમ તૈયાર થયા તેની પાછળનો પણ ઈતિહાસ છે. બ્રિટિશરોનો આપણા દેશમાં પ્રવેશ થયા બાદ 1757માં અનેક ઠેકાણે અંગ્રેજોએ વિજય મેળવ્યો અને 'ઈસ્ટ ઈન્ડિયા કંપની' દ્વારા પોતાનું શાસન સ્થાપવા માંડ્યું. આ કંપની વિશાળ હતી અને તેમાં અડધો હિસ્સો બ્રિટન સરકારનો પણ હતો. 'ઈસ્ટ ઈન્ડિયા કંપની'નું પોતાનું સૈન્ય હતું. અઢારમી સદીની શરૂઆતમાં કંપનીના કર્મચારીઓની સંખ્યા પચાસ હજારની આસપાસ હતી. આ કંપનીએ પોતાનું શાસન આપણા દેશમાં સો વર્ષ સુધી ચલાવ્યું અને 1857માં દેશભરમાંથી કંપની વિરુદ્ધ બળવો થયો અને તેમાં કેટલાંક રજવાડાં સહિત સામાન્ય લોકો પણ સામેલ થયા. આ બળવાથી અંગ્રેજો સફાળા જાગ્યા અને તેમને ખ્યાલ આવ્યો કે આ દેશમાં સો વર્ષથી ડેરા-તંબૂ નાખીને બેઠા હોવા છતાં તેઓ દેશને ઓળખતા નથી. બસ, તે પછી શાસન કંપની પાસેથી બ્રિટિશ સરકાર પાસે આવી ગયું અને દેશ પર આયોજનબદ્ધ રીતે શાસન કરવા માટે જે કંઈ પ્રાથમિક પગલાં લેવાનાં થાય એવું અંગ્રેજોને લાગ્યું તેમાં વસ્તી ગણતરી કરવાનો પણ વિચાર થયો. આ વિચારને અમલમાં મૂકવાનું કામ પણ ઝડપથી થવા માંડ્યું. તે સમયે 'નોર્થ-વેસ્ટર્ન પ્રોવિન્સ'માં સૌપ્રથમ વસ્તી ગણતરી થઈ હતી. તે વર્ષ 1865નું હતું. તે પછી પણ દેશના અનેક વિસ્તારોમાં છૂટીછવાઈ રીતે વસ્તી ગણતરી થઈ, પરંતુ તેમાં હિંદુસ્તાનના દરેક ક્ષેત્રનો અંદાજ ન કાઢી શકાયો. તે પછી અંગ્રેજોના દેશમાં શાસન દરમિયાન સમગ્ર દેશની વસ્તી ગણતરી થઈ તે વર્ષ 1871નું હતું. તે સમયે અંગ્રેજો પાસે એટલું સંખ્યાબળ નહોતું, તેથી આ જવાબદારી ડિસ્ટ્રિક્ટ ઑફિસર્સ એટલે કે જિલ્લા અધિકારીઓ, મિશનરીઝ મતલબ કે ધર્મપ્રચારકો, ભાષાવિદો અને પશ્ચિમી સંશોધકો, જે ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ કરવા આવ્યા હોય, તે સૌને સોંપાઈ હતી. એ રીતે હિંદુસ્તાનના લોકોનાં સામાજિક જીવનનો ક્યાસ અંગ્રેજોએ કાઢ્યો. તેમાં વિવિધ સમૂહોની ભાષા, સંબંધોના આટાપાટા, રિવાજો, પ્રથાઓ, એ બધી બાબતોનો અભ્યાસ થયો હતો. સ્વાભાવિક છે કે આ માહિતી આવે તો તેની વિગતો સમજાય તે રીતે મૂકવાની હતી અને તે માટે લાઇબ્રેરીઓ, પ્રયોગશાળાઓ અને પર્વતીય અંતરિયાળ વિસ્તારોમાં વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. એ રીતે દેશનું માનવશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર અને વહીવટ વિશે દળદાર ગ્રંથો તૈયાર કરવામાં આવ્યા. આ પૂરી પ્રક્રિયાના કારણે ઈ. ટી. ડેલ્ટન, એફ. મેક્સ મૂલર અને જ્યોર્જ એ. ગ્રીરસન નામના ત્રણ અધિકારીઓ હિંદુસ્તાનની સંસ્કૃતિ, સમાજ, જ્ઞાતિવ્યવસ્થા, રીતિ-રિવાજો, આહાર અને જીવનશૈલીના નિષ્ણાત કહેવાયા.



દેશની વસ્તી ગણતરીની શરૂઆતથી લઈને છેક વર્તમાન સુધી ખાસ્સી રસપ્રદ કથાઓ છે. જોકે હાલમાં સી. ચંદ્રમૌલીનું પુસ્તક આવ્યું છે, તેમાંથી કેટલાંક પ્રકાશિત થયેલા અંશો છે. તેમાં વસ્તી ગણતરીના મહત્ત્વ વિશે વિગત આપવામાં આવી છે. જેમ કે, કોરોના દરમિયાનની જ વાત લેખક સી. ચંદ્રમૌલી કરે છે ત્યારે તેમના મતે અત્યાર સુધી દાયકાના અંતરે જે રીતે વસ્તીની નોંધણી થતી હતી તેમાં જન્મ અને મૃત્યુનો સાચો આંકડો આપણી સમક્ષ આવી જતો હતો. પરંતુ કોરોના દરમિયાન જન્મ-મૃત્યુની નોંધણીની પ્રક્રિયા ઘણી જગ્યાએ થઈ શકી નહીં. વિશેષ કરીને કોરોના દરમિયાન થયેલાં મૃત્યુનો આંકડો નોંધાયો નહીં. ગ્રામીણ ક્ષેત્રોમાં આવું વધુ બન્યું. દેશમાં અન્ય સ્વતંત્ર રીતે અભ્યાસ થાય છે તેમાં વિગતો પ્રકાશમાં આવી છે કે સરકાર કહે છે તેના કરતાં મૃત્યુનું પ્રમાણ વધુ છે. એ રીતે 2021માં દેશના બહોળા ક્ષેત્ર-વર્ગની માહિતી ન આવી તેથી કોઈ પણ બાબતનો સાચો ક્યાસ કાઢવો મુશ્કેલ છે. અને થયું પણ એવું જ. હાલમાં બધો અંદાજ 2011ની વસ્તી ગણતરીના આધારે મૂકવામાં આવે છે. જેમ કે, કોરોનાની મહામારી દરમિયાન મૃત્યુદરમાં આવેલો વધારો, વતન તરફનું સ્થળાંતર, પ્રજનનક્ષમતામાં ઘટાડો અને શહેરીકરણનો વધતો વ્યાપ. આ બધું વસ્તીના ચોપડે નોંધાયું નથી. એ રીતે એક બીજા આંકડાની વિગત જોઈએ. જેમ કે, 'રાષ્ટ્રીય ખાદ્યાન્ન સુરક્ષા કાયદા-2013' મુજબ દેશની 67 ટકા વસ્તી સબસિડાઇઝ્ડ રીતે અનાજ મેળવવા હકદાર છે. 2011માં 81.35 કરોડ લોકો આ ખાદ્યાન્ન સુરક્ષામાં સમાવિષ્ટ થતા હતા. 2023 આવતાં સુધીમાં દેશની વસ્તીમાં વીસ કરોડ લોકો ઉમેરાયા છે. જોકે હજુય લાભાર્થીઓની સંખ્યા સરકારના ચોપડે એટલી જ છે. મતલબ કે અંદાજે સો કરોડથી વધુ લોકો હજુ પણ ખાદ્યાન્ન સુરક્ષાના લાભથી વંચિત છે. એ રીતે 2023માં 'સંયુક્ત રાષ્ટ્ર' અંદાજો કાઢ્યો કે ભારતની વસ્તી 1.43 અબજ થઈ છે. ચીન કરતાં ભારતની વસ્તી વધુ થઈ છે. પરંતુ જ્યાં સુધી વસ્તી ગણતરીનો આધાર ન મળે ત્યાં સુધી ચીન કરતાં ભારતની વસ્તી વધી તે એક માત્ર અંદાજ છે. કેટલાં બાળકો જન્મ્યાં, હાલમાં તેમની ઉંમર કેટલી છે અને ભારતમાં વસ્તીના અનુપાતમાં યુવાનો, બાળકોની સંખ્યા કેટલી છે તે બધી બાબતો હજુ અધ્ધરતાલ છે. તમે વિચારો કે જો આ માહિતી સરકાર પાસે ન હોય તો સ્વાભાવિક છે કે સ્થાનિક સ્તરે કેટલી શાળાઓ, આંગણવાડીઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું આયોજન કરવું તેનો ખ્યાલ સરકારને આવે નહીં, અને આવે તોય સરકારની મર્યાદા કાઢવામાં નિષ્ણાતોને કે પત્રકારોને પણ મુશ્કેલી પડે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન જે કોઈ પણ યોજના અમલી બનાવવામાં આવી તેની માહિતીનો આધાર 2011ની વસ્તી ગણતરી હતી.

વસ્તી ગણતરી આખરે ગૃહ મંત્રાલય અંતર્ગત શરૂ થઈ ચૂકી છે અને સંભવતઃ હવે પછીની કેન્દ્રીય ચૂંટણી પૂર્વ દેશની વસ્તીનો ખ્યાલ આપણી સમક્ષ હશે. [https://censusindia.gov.in] ની વેબસાઇટ પર તે સંબંધિત બધી માહિતી પણ મળી જશે. એક વાત અહીં એ પણ નોંધવી રહી કે વર્તમાન સરકાર કોરોનાના કારણે વસ્તી ગણતરી મોડી થઈ તેમ કહે છે, પરંતુ અન્ય એશિયાના દેશો અને વિશ્વમાં અંદાજે 143 દેશોએ માર્ચ, 2020 પછીના ગાળામાં પોતાને ત્યાં વસ્તી ગણતરી કરાવી હતી. માત્ર ભારત અને નાઇજીરિયા જ એવા બે દેશ હતા, જેમણે વસ્તી ગણતરી લાંબા સમય સુધી ટાળે રાખી. દેશમાં આંકડા-માહિતી છુપાવવાનો દોર ચાલી રહ્યો છે. લોકો વધારાનું કશું ન જાણી લે તેવી સરકારની મહેચ્છા તેમના કેટલાંક નિર્ણયો પરથી દેખાય છે. ડિજિટલ યુગમાં સરકાર લોકો પાસેથી કશુંય જાણવાનું બાકી રાખતી નથી. શક્ય એટલી લોકો પર નજર રહે તેવું સર્વેલન્સ સરકાર ગોઠવે છે, પરંતુ પોતાની બાજુએથી કોઈ પણ માહિતી જતી ન રહે તેનો હંમેશાં ખ્યાલ રાખે છે.



ક્યા ભૂલું, ક્યા યાદ કરું?: યાદગલીમાં ભટકે રે જીવતર

ટાઈટલ્સઃ માણસ માત્ર ભૂલવાને પાત્ર! (છેલવાણી)

એક માણસ ડૉક્ટર પાસે જઈને કહે છે, 'આજકાલ મને બધું ભૂલવાની તકલીફ શરૂ થઈ છે.'

ડૉક્ટરે પૂછ્યું, 'ક્યારથી છે આ પ્રોબ્લેમ?'

'કયો પ્રોબ્લેમ?' પેશન્ટે ડૉક્ટરને સામે પૂછ્યું!

હિંદીના મહાકવિ હરિવંશરાય બચ્ચનની આત્મકથાનું સુંદર નામ છેઃ 'ક્યા ભૂલું, ક્યા યાદ કરૂં?' જો કે ભલભલા સ્માર્ટ પતિઓ પત્નીનો જન્મદિવસ કે લગ્નની એનીવર્સરી અવારનવાર ભૂલી જાય છે. ત્યારે ભડકેલી પત્ની સામે ભલભલા વાચાળ પતિઓ સ્તબ્ધ થઈને પોતાની માતૃભાષા ભૂલી જાય છે ને પિતૃઓને યાદ કરવા માંડે છે! કરગરવાથી માંડીને ક્રેડિટ કાર્ડનું સમર્પણ કરવા સુધી મામલો પહોંચી જાય છે. પણ દુનિયામાં એક દેશ છેઃ 'સમોઆ.' જ્યાં પત્નીનો જન્મદિવસ ભૂલી જવો એ ગુનો છે અને એ માટે પતિને પાંચ વર્ષ સુધીની જેલ પણ થઈ શકે છે! સમોઆ દેશમાં, પતિ પહેલીવાર પત્નીનો જન્મદિવસ ભૂલી જાય, તો એને ચેતવણી આપીને છોડી મૂકવામાં આવે છે. બીજી વખત ભૂલી જવા પર પતિએ ભારે દંડ ભરવો પડે છે અથવા તો પાંચ વર્ષ માટે જેલમાં જવું પડે છે! ત્યાં આ કાયદાનું કડક પાલન કરવા માટે એક સ્પેશ્યલ ટીમ પણ બનાવેલી છે, અને વળી આ કાયદાનો ક્યારે ને કેવી રીતે ઉપયોગ કરવો, એ માટે મહિલાઓ માટે સ્પે. કેમ્પ પણ યોજવામાં આવે છે. સારું છે આવા કાયદા પર દુનિયાનાં બીજા દેશોનું ધ્યાન ગયું નથી નહીં તો જગતના કરોડો પતિઓ આજે જેલમાં સબડતા હોત.

જ્યાં પત્નીનો જન્મદિવસ ભૂલી જવો એ ગુનો છે અને એ માટે પતિને પાંચ વર્ષ સુધીની જેલ પણ થઈ શકે છે! સમોઆ દેશમાં, પતિ પહેલીવાર પત્નીનો જન્મદિવસ ભૂલી જાય, તો એને ચેતવણી આપીને છોડી મૂકવામાં આવે છે

સ્ત્રી સામે કશુંક ભૂલી ગયા પછી વાતને વાળી લેવી એ ય મોટી કળા છે. જેમ કે- એક પ્રેમિકાએ પ્રેમીને કહ્યું, 'તેં મને ડાયમંડ રિંગ આપવાનું વચન આપેલું એ ભૂલી ગયો?' ભૂલકણાં પ્રેમીએ તરત જ કહ્યું, 'ડાર્લિંગ, હું તારી સાથે હોઉં છું ત્યારે બધું જ ભૂલી જાઉં છું!' આને કહેવાય રમણીય રોમેન્ટિક બહાનું! અથવા પત્ની ચિડાઈને કહે કે- 'તમને દરેક ક્રિકેટરનો સ્કોર યાદ રહે છે પણ આપણા લગ્નની તારીખ યાદ નથી?' ત્યારે ભૂલકણો પણ સ્માર્ટ પતિ તરત જ કહી શકે, 'ઓફકોર્સ, યાદ છે! એ દિવસે સચીન તેંડુલકર ઝીરો પર આઉટ થયેલો ને?'



ઘણીવાર ભૂલવું પણ બહુ સારું છે. પ્રિયજનોની જૂની કડવી યાદો, દોષદેખાઓની નફરતો, દુશ્મનોના ગુસ્સાઓ, જોરાવરોના અન્યાયોને વગેરે ભૂલવામાં અસંખ્ય ફાયદા છે અને ભૂલીને આપણે ચેનથી જીવી તો શકીએ. યાદશક્તિ માટે લોકો જાતજાતની દવાઓ પણ લે છે પણ એ યાદશક્તિની દવાઓનો એક જ પ્રોબ્લેમ છે કે એ દવાઓ જો આપણાથી આડીઅવળી મૂકાઈ જાય તો પાછું એ જ યાદ ના આવે કે યાદશક્તિની દવા મૂકી ક્યાં છે? વળી યાદશક્તિની દવાની બોટલ પર લખી રાખવું પડે કે 'આ યાદશક્તિની દવા છે, એને જુલાબની દવા સમજીને ખાવી નહીં!'

ઇન્ટરવલઃ

એ સૌથી ઉચ્ચ તબક્કો છે મિલનનો

કહેવાનું ઘણું હો ને કશું યાદ ન આવે! (મરીઝ)

એકવાર અભિનેતા ધર્મેન્દ્રએ 'અંધા કાનૂન' ફિલ્મમાં અમિતાભની વિનંતીથી એક સીન માટે ટ્રક-ડ્રાઇવરની મહેમાન કલાકાર તરીકે ભૂમિકા ભજવેલી. પણ એ રાતે ધર્મેન્દ્રજી શરાબ પીને રાજાપાઠમાં હતા એટલે મોટે ઉપાડે નાનો રોલ કરી તો લીધો પણ પછી જ્યારે એ ફિલ્મનું ડબિંગ કરવાનું આવ્યું ત્યારે ધર્મેન્દ્ર સાવ ભૂલી જ ગયેલા કે એમણે એવી કોઈ ફિલ્મમાં એવો કોઈ રોલ કરેલો! અને ડબિંગ કરવાનો સાફ ઈનકાર કર્યો કે- 'મેં કોઈ એવી ફિલ્મ કરી જ નથી.' એમાં તો અમિતાભ હીરો છે! પછી નિર્માતાએ બહુ સમજાવ્યા અને એ ફિલ્મનો સીન પણ દેખાડ્યો તો ધર્મેન્દ્રએ કહ્યુંઃ 'કમાલ છે? મેં જેનું શૂટિંગ જ નથી કર્યું તો યે મને ફિલ્મમાં તમે નાખી દીધો?' આખરે અમિતાભે પર્સનલી જઈને ધર્મેન્દ્રને માંડ માંડ મનાવ્યા પણ એમને યાદ તો ના આવ્યું તે ના જ આવ્યું.

અમુક ઉંમર પછી કમનસીબે ઘણાની યાદશક્તિ નબળી થઈ જાય છે. વિજ્ઞાન પણ કહે છે કે માણસના દિમાગમાં ખીચોખીચ ભરાયેલી કચરાપેટીની જેમ અનેક માહિતીઓ, આંકડાઓ, યાદો વગેરેનો એટલો બધો કચરો ભરેલો હોય છે કે નવું યાદ રાખવાની સ્પેસ જ નથી હોતી. નાનપણમાં સ્કૂલમાં તમે કઈ બેંચ પર બેસતા, ટીચરે તમને કેટલી વખત ક્લાસમાંથી કાઢી મૂક્યા હતા, લીંબુ-ચમચીની રમતમાં તમારું લીંબુ કેમ પડી ગયેલું... એવી બધી નકામી વાતોને ભૂલવી સારી. તમે વીસ વર્ષ પહેલાં કોલેજમાં કોઈ છોકરીને પ્રપોઝ કર્યું હોય અને એના જવાબમાં એણે થપ્પડ મારી હોય એમાં યાદ રાખવા જેવું શું? પણ હા, એણે એ થપ્પડ એટલે મારી હોય કારણ કે તમે એ જ છોકરીને ભૂલથી બે દિવસ પછી ફરીથી પ્રપોઝ કરેલું ત્યારે કે જ્યારે એ ઓલરેડી 'હા' પાડી ચૂકેલી, તો જરા પ્રોબ્લેમ કહેવાય..

ટૂંકમાં ભૂલવાની સમસ્યાનો કોઈ સચોટ ઈલાજ છે જ નહીં. આમ તો આપણે સૌ ભૂલવામાં એક્સપર્ટ છીએ. છતાં યે આપણે ઈતિહાસનાં જૂનાં પાનાંઓમાંની વેરભરી વાતો યાદ રાખીને હજી યે નફરતને સળગતી રાખીએ છીએ. આજકાલ આપણા લેખકો, કવિઓ એમના લખાણમાં સામાજિક આક્રોશ કરવાનું ભૂલી ગયા છે અને વાચકો પોતાના આત્માને જગાડવાનું ભૂલી ગયાં છે. શિક્ષકો નૈતિકતા શીખવવાનું ભૂલી ગયાં છે, વિદ્યાર્થીઓ માર્કશીટના આંકડા સિવાય બધું જ ભૂલવા માંગે છે! પછી મોટા થઈને ઘણાં બાળકો પોતાનાં મા-બાપને ભૂલી જાય છે. જે દેશ પોતાના રાષ્ટ્રપિતા ગાંધીજીને ધીમે ધીમે ભૂલવાની પ્રક્રિયામાંથી ગુજરતો હોય ત્યાં વધારે બીજું શું કહેવું?

એન્ડ-ટાઈટલ્સઃ

ઇવઃ તું મને ભૂલી તો નહીં જાયને?

આદમઃ એવું હોય કંઈ, લૈલા?

ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં બોલ ટેમ્પરિંગનું ભૂત આઠ વર્ષે ફરી ધૂણતું થયું

ઓસ્ટ્રેલિયન ક્રિકેટને હચમચાવનારા 2018ના બોલ ટેમ્પરિંગ કાંડે હજુ સુધી ઓસ્ટ્રેલિયન ટીમનો પીછો છોડ્યો નથી 2018માં દક્ષિણ આફ્રિકા પ્રવાસે ગયેલી ઓસ્ટ્રેલિયન ટીમે કેપ ટાઉનમાં રમાયેલી ટેસ્ટમાં કાચ પેપર વડે બોલ ટેમ્પરિંગ કર્યાનું કેમેરાની આંખે ઝડપાઇ ગયા પછી ગાજેલા આ વિવાદમાં તત્કાલિન કેપ્ટન સ્ટીવ સ્મિથ, ઓપનર ડેવિડ વોર્નર અને કેમેરામાં કાચ પેપર બોલ પર ઘસતા ઝડપાયેલા કેમરન બેનક્રોફ્ટને જવાબદાર ઠેરવીને ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા તેમના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તે સમયે બહું ગાજેલા એ વિવાદ હવે આઠ વર્ષ પછી ફરી ચર્ચાના ચકડોળે ચઢ્યો છે અને તેના માટે તાજેતરમાં જ નિવૃત્તિ લેનાર ઉસ્માન ખ્વાજાનું પુસ્તક જવાબદાર ગણી શકાય તેમ છે. જો કે ખ્વાજાએ આ કાંડમાં આખી ટીમ સંડોવાયેલી હોવાનો પોતાના પુસ્તકમાં દાવો કર્યા પછી ઓસ્ટ્રેલિયાના હાલના કેપ્ટન પેટ કમિન્સે તેને નર્યો બકવાસ ગણાવતા બળતામાં ઘી હોમાયા જેવી સ્થિતિ થઇ છે અને કમિન્સની



ઉસ્માન ખ્વાજાએ પોતાના પુસ્તકમાં 2018ના સેન્ડપેપર કાંડમાં આખી ટીમ સંડોવાયેલી હોવાનું જાહેર કરીને વિવાદને ફરી સળગાવ્યો છે અને તેમાં પેટ કમિન્સની પ્રેસ કોન્ફરન્સે બળતામા ઘી હોમ્યું છે. હવે બેનક્રોફ્ટે આખી ટીમ સેન્ડ પેપર કાંડમાં સંડોવાયેલી હોવાનું કહીને એક નવો વળાંક તેમાં આણ્યો છે.

ખેલખેલમેં

વાતથી નારાજ થયેલા બેનક્રોફ્ટે પોતાના એક લેખમાં કહી દીધું છે કે આ કાંડમાં આખી ટીમ સામેલ હતી. કૌભાંડમાં સંડોવાયેલા કેમેરોન બેનક્રોફ્ટે દાવો કર્યો છે કે આખી ટીમ આ કાવતરાથી વાકેફ હતી પરંતુ આખરે ફક્ત ત્રણ ખેલાડીઓને બલિનો બકરો બનાવવામાં આવ્યા હતા.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ સેન્ડપેપર ગેટ તરીકે ઓળખાતા કૌભાંડમાં ભૂમિકા ભજવવા બદલ બેનક્રોફ્ટ, સ્ટીવ સ્મિથ અને ડેવિડ વોર્નર પર પ્રતિબંધ મૂક્યો. બેનક્રોફ્ટ તે પછી ફરી ક્યારેય ઓસ્ટ્રેલિયા માટે રમ્યો નહીં, જ્યારે સ્મિથ અને વોર્નર પ્રતિબંધ પતાવીને ઇન્ટરનેશનલ ક્રિકેટમાં પાછા ફર્યા હતા. માજી બેટ્સમેન ઉસ્માન ખ્વાજાએ તાજેતરમાં પ્રકાશિત થયેલા પોતાના પુસ્તકમાં ખુલાસો કર્યો હતો કે આખી ટીમ કાવતરાથી વાકેફ હતી. વોર્નર અને તે મેચમાં નંબર 12 બેટ્સમેન ચાડ સેયર્સે પણ ખ્વાજાના નિવેદનને સમર્થન આપ્યું હતું. સેન્ડપેપર રાખવાનો જેના પર આરોપ હતો તે બેનક્રોફ્ટે પણ ખ્વાજાને ટેકો આપ્યો હતો, જ્યારે વર્તમાન કેપ્ટન પેટ કમિન્સે આ દાવાઓને સંપૂર્ણ બકવાસ ગણાવીને ફગાવી દીધા હતા.

બેનક્રોફ્ટે ક્રિકઈન્ફોમાં એક લેખમાં જણાવ્યું કે આઠ વર્ષ સુધી, મેં આખી ટીમ માટે આ વાર્તાનો બોજ વહેંચ્યો. તે એક એવો બોજ હતો જે મારી ક્ષમતાની બહાર હતો. મેં આ બલિદાન બધા માટે આપ્યું, અને તે મારો પોતાનો નિર્ણય હતો. આમાં ફક્ત હું, સ્ટીવ સ્મિથ અને ડેવિડ વોર્નર અમે ત્રણ જ સામેલ ન હતા. આખી ટીમ તેના વિશે જાણતી હતી. જ્યારે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની તપાસ દરમિયાન મને પૂછપરછ કરવામાં આવી ત્યારે મેં સંપૂર્ણ અને સાચી માહિતી આપી ન હતી. જો કે ઓસ્ટ્રેલિયાના કેપ્ટન કમિન્સના નિવેદન પછી, મને લાગ્યું કે તે વધુ પડતું હતું. હું ગુસ્સે હતો, એકલો હતો અને દગો થયો હોય તેવું અનુભવી રહ્યો હતો અને આઠ વર્ષ પછી ચૂપકીદી સેવ્યા પછી હવે તેણે પહેલીવાર જાહેરમાં સેન્ડપેપર ગેટ અંગે કોઈ વાત કરી છે. તેની આ વાત એટલા માટે માનવી પડે છે કે જે સમયે વિવાદ તાજો હતો તે સમયે જ તે બધુ કહી શકતો હતો પણ તેણે તેમ ન કર્યું અને ચુપ રહેવાનો નિર્ણય કર્યો અને હવે કમિન્સની વાતથી નારાજ થઈને તેણે આ ખુલાસો કર્યો છે. આ તરફ ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓપનર ડેવિડ વોર્નરે 2018 ના બોલ ટેમ્પરિંગ વિવાદમાં ખુલ્લી જાહેર તપાસની માંગ કરી છે. કેપટાઉન ટેસ્ટમાં બનેલી આ ઘટનામાં સામેલ લોકોએ બંધ બારણે શું બન્યું હતું તે અંગે આગળ આવીને ખુલાસો કરવો જોઈએ તેમ તેણે જણાવ્યું હતું. આ વિવાદમાં એક વર્ષનો પ્રતિબંધ ભોગવી ચૂકેલા વોર્નરે કહ્યું હતું કે ઘટના સમયે હાજર રહેલા લોકોએ ખુલીને વાત કરવી જોઈએ. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા અને તેના પૂર્વ કર્મચારીઓ વચ્ચે બંધ બારણે શું થયું તેની અમને કોઈ જાણ નથી. વોર્નરે પૂર્વ સાથી ખેલાડી ઉસ્માન ખ્વાજાના પુસ્તકમાં આ વિવાદ અંગે લખાયેલા સંસ્મરણોને પણ સમર્થન આપ્યું હતું. એક પછી એક નિવેદનો આવી રહ્યા છે ત્યારે આઠ વર્ષ પછી ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના સીઈઓ ટોડ ગ્રીનબર્ગ અને બોર્ડ સભ્ય ડેવિડ બૂને ખેલાડીઓ અને સ્ટાફ માટે એક સ્વતંત્ર ફોરમની જાહેરાત કરી છે. જે લોકોના અગાઉ ઇન્ટરવ્યુ લેવાયા નહોતા તેઓ આ ફોરમમાં સ્વૈચ્છિક રીતે પોતાના અનુભવો અને મંતવ્યો રજૂ કરી શકશે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે મૂળ ઘટનાની તપાસ પૂર્ણ થઇ ચૂકી છે અને આ ફોરમ ફરીથી તપાસ કે સજા કરવા માટે નથી. ટોડ ગ્રીનબર્ગે કહ્યું કે સેન્ડપેપરગેટથી થયેલી પીડાને અમે સમજીએ છીએ. દાયકાઓથી ડ્રેસિંગ રૂમ વહેંચનારા ખેલાડીઓના સંબંધો પર ભારે તણાવ છે. દરેકને સુરક્ષિત અને ખાનગી માહોલમાં પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવા આ ફોરમ રચાયું છે.